# મારું હૃદય

એક દિલ
એક જીંદગી એક મંઝિલ
કાર્ડિયાક સાયન્સ મેરિંગો સિમ્સ હોસ્પિટલ

Marengo CIMS Hospital

વર્ષ -15, અંક-176, 15 ઓગસ્ટ, 2024

Price ₹ 5/-



JCI
ACC International Centers Of Excellence

MarengoCIMS Hospital

# પેરિફેરલ વાસ્ક્યુલર ડીસીઝ (PVD) એથેરોસ્કલેરોસીસનો એક ભાગ



**ડૉ. ઉર્મિલ શાહ**
MD, DM (Cardiology), FACC
(Fellow of American College of Cardiology)
International Scholar Cleveland Clinic USA
Interventional Cardiologist
Specialist in Radial Intervention
**(Mo.) +91 98250 66939**
urmil.shah@cims.me

શરીરની ધમનીઓમાં ચરબી થતા ક્ષાર જામવાની પ્રક્રિયાને એથેરોસ્કલેરોસીસ કહેવાય છે. આ વધતી ઉંમર માટે આ સ્વાભાવિક છે. આ પ્રક્રિયા શરીરની ઘણી બધી ધમનીઓમાં અસર કરી શકે છે, જેમ કે હૃદયની, પગની, મગજની, કિડનીની તથા હાથની. પગની ધમનીમાં જ્યારે એથેરોસ્કલેરોસીસ થાય છે અને દર્દીને પગમાં લોહી મળતું ઓછું થઇ જાય છે તેને પેરીફેરલ વાસ્ક્યુલર ડીસીઝ (PVD) કહેવાય છે. આવા દર્દીને ચાલવાથી પગમાં ખાસ કરીને પીંડીના સ્નાયુમાં દુઃખાવો થાય છે જે આરામ કરવાથી ઓછો થાય છે, એને ક્લાઉડીકેશન કહેવાય છે.

પીવીડીના અમુક દર્દીને એથેરોસ્કલેરોસીસ થયેલી નળીમાં અચાનક લોહીનો ગઠ્ઠો જામવાને કારણે પગમાં ખુબ જ દર્દ થાય છે અને પગનો ભાગ ઠંડો પડી જાય છે, પગ કાળો પડી જાય છે અને પગમાં સંવેદના જતી રહે છે. જેને ગેંગ્રીન કહેવાય છે અને તરત ઇલાજ ન કરવામાં આવે તો પગ કપાવો પડે છે. પગમાં ચાંદુ પડી ગયુ હોય અને તેમાં રૂઝ આવતી ન હોય તે પણ પેરીફેરલ વાસ્ક્યુલર ડિસીઝના લક્ષણ હોઇ શકે છે.

પેરીફેરલ વાસ્ક્યુલર ડિસીઝ જે એથેરોસ્કલેરોસીસની પ્રક્રિયાના એક ભાગ રૂપે જ હોય છે અને માટે એથેરોસ્કલેરોસીસની પ્રક્રિયા માટેના જોખમી પરિબળો જેમ કે, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, ધુમ્રપાન, તંબાકુનું સેવન, વધતી ઉંમર અને લોહીમાં વધારે ચરબીનું પ્રમાણ પણ પેરીફેરલ વાસ્ક્યુલર ડિસીઝના જ જોખમી પરિબળ છે. આમાં સૌથી વધારે જોખમી પરિબળ ધુમ્રપાન અને તંબાકુનું સેવન છે.

ઘણી દર્દીને એથેરોસ્કલેરોસીસની પ્રક્યિાથી ધમનીમાં થતી સંકળાશ એક કરતા વધારે ધમનીઓમાં જોવા મળે છે અને તે દર્દીને હૃદયરોગ, પેરીફેરલ વાસ્ક્યુલર ડિસીઝ, કેરોટીડ બ્લોક (મગજમાં જતી ધમનીની સંકળાશ) એક સાથે અથવા આગળ પાછળ જોવા મળે છે (રીચરજીસ્ટ્રી). તેથી જ્યારે કોઇ દર્દીને શરીરની કોઇ એક ધમનીમાં એથેરોસ્કલેરોસીસ જોવા મળે તો શરીરની બીજી ધમનીઓમાં એ પ્રક્રિયા શરૂ થઇ છે કે નહી તે ચોક્કસથી જોવું જોઇએ.

પેરીફેરલ વાસ્ક્યુલર ડિસીઝના પ્રારંભિક નિદાન માટે એક સરળ એન્કલ- બ્રેકીઅલ ઇન્ડેક્સ - જે પગનું અને હાથના બ્લડપ્રેશરની સરખામણી બતાવે છે તે ઘણું ઉપયોગી છે. પગની ધમનીનું ડોપ્લર અલ્ટ્રાસાઉન્ડ કરવાથી પણ કઇ જગ્યાએ ધમની સાંકડી થઇ ગઇ છે અને કેટલી માત્રામાં થઇ તેના વિશે સચોટ માહિતી મળે છે. જે દર્દીને ડોપ્લરમાં ધમનીની સંકડાશ પકડાઇ હોઇ તેમને પગની એન્જિયોગ્રાફીની તપાસ કરાવવી જોઇએ. આ તપાસથી બીમારીનો ઇલાજ કેવી રીતે કરવો જેમ કે, દવાઓથી, એન્જિયોપ્લાસ્ટી તથા સ્ટેન્ટ મુકીને અથવા ઓપરેશન કરીને કરવો તે વિશે તથા કેટલો જલ્દી કરવો જોઇએ તથા રાહ જોવામાં જોખમ છે કે નહી તે વિશે માહિતી મળે છે.

જ્યારે દર્દીને ગેંગ્રીન થયું હોય, પગ કાળો પડી ગયો હોય ત્યારે તાત્કાલિક ધોરણે લોહી પાતળું રાખવાનું ઇન્જેક્શન આપીને અથવા એક નાની પ્રોસિજર એમ્બોલેકટોમી કરીને લોહીનો ગઠ્ઠો બહાર કાઢવાથી દર્દીને તરત રીકવરી થાય છે અને પગ કપાવવાની શક્યતા ઓછી થઇ જાય છે. તે સિવાયના બીજા દર્દીને જેને ક્લાઉડીકેશન હોય અથવા પગમાં ન રૂઝાતું ચાંદુ હોય તેને લોહી પાતળું રાખવાની તેમજ ચરબી ઓછી કરવાની દવા ચાલુ કરવાની હોય છે. દર્દીને લક્ષણ દવાઓથી ઓછા ન થાય અથવા ડોપ્લર તપાસ અથવા એન્જિયોગ્રાફીની તપાસમાં વધારે માત્રામાં બ્લોક જોવા મળ્યા હોય તો તે દર્દીને દવાની સાથે એન્જિયોપ્લાસ્ટી અથવા સર્જરી કરાવવાથી તેમની બીમારીનો ઇલાજ થઇ શકે છે.

પગની ધમની માટે વિશેષ સ્ટેન્ટ જે વધારે લાંબા અને વધારે વળી શકે એવા ઉપલબ્ધ હોવાને કારણે ઘણા બધા દર્દીઓનો ઇલાજ એન્જિયોપ્લાસ્ટી તથા સ્ટેન્ટથી હવેના જમાનામાં શક્ય છે જેનું લાંબા ગાળાનું પરિણામ સારૂ મળે છે. નવા દવાવાળા બલુન પણ આવી પગની ધમનીઓના બ્લોક માટે ઘણા ફાયદાકારક પુરવાર થયા છે.

### કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. વિપુલ કપૂર | +91-98240 99848 | ડૉ. ઉર્મિલ શાહ | +91-98250 66939 |
| ડૉ. તેજસ વી. પટેલ | +91-89403 05130 | ડૉ. હેમાંગ બક્ષી | +91-98250 30111 |
| ડૉ. હિરેન કેવડીયા | +91-98254 65205 | ડૉ. અનિશ ચંદારાણા | +91-98250 96922 |
| ડૉ. ગુણવંત પટેલ | +91-98240 61266 | ડૉ. અજય નાઇક | +91-98250 82666 |
| ડૉ. કેયૂર પરીખ | +91-98250 26999 | ડૉ. સત્ય ગુપ્તા | +91-99250 45780 |
| ડૉ. મિલન ચગ | +91-98240 22107 | ડૉ. વિનીત સાંખલા | +91-99250 15056 |

### પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | +91-99246 12288 | ડૉ. મિલન ચગ | +91-98240 22107 |

### કાર્ડિયાક સર્જન

| | |
|---|---|
| ડૉ. ધીરેન શાહ | +91-98255 75933 |
| ડૉ. ધવલ નાયક | +91-90991 11133 |
| ડૉ. અમિત ચંદન | +91-96990 84087 |
| ડૉ. કિશોર ગુપ્તા | +91-99142 81008 |
| ડૉ. નિકુંજ વ્યાસ | +91-73531 65955 |

### પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન

| | |
|---|---|
| ડૉ. શૌનક શાહ | +91-98250 44502 |

### કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જન

| | |
|---|---|
| ડૉ. પ્રણવ મોદી | +91-98240 84700 |

### કાર્ડિયાક એનેસ્થેટીક્સ

| | |
|---|---|
| ડૉ. નિરેન ભાવસાર | +91-98795 71917 |
| ડૉ. હિરેન ધોળકિયા | +91-95863 75818 |
| ડૉ. ચિંતન શેઠ | +91-91732 04454 |

### કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ


| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +91-98250 82666 |
| ડૉ. હિરેન કેવડિયા | +91-98254 65205 |

Marengo CIMS Hospital

# હાર્ટ ફેઈલ્યોર (નબળા હૃદય)ની અધતન સારવાર

## હાર્ટ ફેઈલ્યોર શું છે?

હાર્ટ ફેઈલ્યોર એ મોટા પ્રમાણમાં જોવા મળતી લાંબા સમયની એક સ્થિતિ છે જે હૃદયના સ્નાયુઓ નબળા પડે અને શરીરમાં પૂરતા પ્રમાણમાં લોહીનો પૂરવઠો પહોંચાડવા માટે લોહીને પંપ કરવા સક્ષમ ન રહે ત્યારે સર્જાય




છે. હાર્ટ ફેઈલ્યોર સમય વીતવાની સાથે વધારે કથળતું જાય છે અને સતત ઊંચા બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, વાલ્વની બીમારી કે હૃદય રોગના અન્ય સ્વરૂપો અથવા જન્મજાત ખામીના કારણે પેદા થાય છે. તેની સારવાર કરવામાં ન આવે તો પૂરતા પ્રમાણમાં લોહીનો -પૂરવઠો ન મળવાના કારણે અંગો ધીમે ધીમે ફેઈલ થાય છે, તેના કારણે અનેક પ્રકારની તબીબી સમસ્યાઓ પેદા થાય છે જેનાથી વ્યક્તિના જીવનની ગુણવત્તાને અસર થાય છે અને ઘણી વખત મૃત્યુ પણ નીપજે છે.

તમને અથવા તમે જાણતા હોવ તેવી કોઈ વ્યક્તિને હાર્ટ ફેઇલર હોય, જેને કન્જેસ્ટિવ હાર્ટ ફેઇલર પણ કહેવાય છે, તો તમે એકલા -નથી. અમેરિકન હાર્ટ એસોસિયેશન મુજબ 50 લાખથી વધારે અમેરિકનો હાર્ટ ફેઈલ્યોરની તકલીફ સાથે જીવી રહ્યા છે, જેમાં દર વર્ષે 670000 નવા કેસ નોંધાય છે. *ભારતમાં આનાથી અનેક ગણા વધારે દર્દીઓ છે.

હાર્ટ ફેઈલ્યોર ધરાવતા લોકોને ઘણી વખત શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને થાક લાગે છે. વર્ષો સુધી બ્લોક થયેલી ધમનીઓ અથવા ઉચ્ચ -બ્લડ પ્રેશર સાથે જીવવાથી તમારું હૃદય નબળું પડી જાય છે જેથી -તમારા શરીરમાં પૂરતા પ્રમાણમાં લોહી પંપ કરી શકતું નથી. તેના લક્ષણો જેમ જેમ કથળતા જાય તેમ તેમ એડવાન્સ્ડ હાર્ટ ફેઇલર આગળ વધતું જાય છે. એડવાન્સ્ડ હાર્ટ ફેઇલર એ ગંભીર સ્થિતિ છે. તમે કદાચ કથળતા લક્ષણોમાં રાહત મેળવવાના ઉપાયો શોધી શકશો, જેમ કે સચિતા ઘટાડી દેવી, ઓછું પ્રવાહી પીવું અને ઓશિકું રાખીને સુઈ જવું વગેરે, પરંતુ તમારા જીવનના દૈનિક આનંદને અસર થશે. એડવાન્સ્ડ હાર્ટ ફેઈલ્યોર પર નિયંત્રણ મેળવવું એ જ યોગ્ય ઉપાય છે. તમારે તમારા ડોક્ટરની ભલામણોને અનુસરવી પડશે અને તંદુરસ્ત -જીવન માટે જીવનશૈલીમાં કેટલાક આવશ્યક સુધારા કરવા પડશે.

## VAD થેરેપી વિશે

મિકેનિકલ સર્ક્યુલેટરી સપોર્ટ દ્વારા આશાનો સંચાર કરવો મિકેનિકલ સર્ક્યુલેટરી સપોર્ટ (એમસીએસ)માં વેન્ટ્રિક્યુલર આસિસ્ટ ડિવાઇસિસ (V A D ) તરીકે ઓળખાતા લોહીના પમ્પનો ઉપયોગ કરીને લોહીનો પ્રવાહ સુધારવામાં આવે છે. તે શરીરમાં લોહી પમ્પ કરવામાં હૃદયને મદદ કરે છે. તે હૃદયને બદલી નાખતું નથી. આ ઉપકરણ બેસાડવા માટે દર્દીએ સર્જરી કરાવવી પડે છે.

હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની રાહ જોતા દર્દીઓને ડોનરનું હૃદય મળે ત્યાં સુધી VAD તેમને જીવીત રહેવામાં મદદ કરી શકે છે. તેને બ્રિજ-ટુ-ટ્રાન્સપ્લાન્ટેશન તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક એડવાન્સ્ડ હાર્ટ ફેઈલ્યોરના દર્દીઓ અન્ય બીમારીના કારણે અથવા તેમની વયના કારણે ટ્રાન્સપ્લાન્ટ કરાવી શકતા નથી.

ઘણી વખત VADની સાથે દર્દીનું હૃદય સુધરતું જાય છે. આવું એટલા માટે થાય છે કારણ કે પંપ તેમના હૃદયને આરામ કરવાની તક આપે છે.

## LVAD શું છે ?

L V A D નું આખું નામ લેફ્ટ વેન્ટ્રીકયુલર આસિસ્ટ ડિવાઇસ છે. તે એક યાંત્રિક ઉપકરણ છે. હૃદય જ્યારે એટલું નબળું હોય કે પોતાની જાતે શરીરમાં લોહી પહોંચાડી - ન શકે ત્યારે આ ઉપકરણની મદદથી આખા શરીરમાં લોહીનું પરિભ્રમણ કરાવી શકાય છે. ઘણી વખત તેને "હાર્ટ પંપ" અથવા "VAD" તરીકે



પણ ઓળખવામાં આવે છે. હાર્ટમેટા એ ટચુકડા કદનું ઇમ્પ્લાન્ટ થઇ શકે તેવું LVAD છે જે તબીબી ટેકનોલોજીમાં મોટી સિદ્ધિ છે અને વિશ્વમાં ઝડપભેર આ પ્રકારનું સૌથી વધુ વપરાતુ ઉપકરણ બની ગયું છે, અને હવે તે ભારતમાં પણ ઉપલબ્ધ થઇ ગયું છે, અને CIMS Hospital માં પણ ઉપલબ્ધ છે. અહીના ડોકટરો એના માટે Training લઇ ચૂકયા છે.

### હાર્ટમેટા કઇ રીતે કામ કરે છે?

હાર્ટમેટ II ને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે જેથી તે દર્દીના ડાબા ક્ષેપક (વેન્ટ્રીકલ)ના પમ્પિંગની કામગીરી સંભાળી લે છે. આ ઉપકરણને પેટમાં ઉદરપટલની (ડાયાફ્રેગમ) બિલકુલ નીચે -બેસાડવામાં આવે છે. તેને ડાબા ક્ષેપક (વેન્ટ્રીકલ) અને મહાધમની (એઓર્ટા) સાથે જોડવામાં આવે છે જે મુખ્ય ધમની છે જે ડાબા ક્ષેપક (વેન્ટ્રીકલ)માંથી સમગ્ર શરીરમાં ઓક્સિજનયુક્ત લોહી પહોંચાડે છે. એક બાહ્ય ડ્રાઇવલાઇન દ્વારા એક બાહ્ય પહેરી શકાય તેવી સિસ્ટમને જોડવામાં આવે છે જેમાં નાના કન્ટ્રોલર અને બે બેટરીનો સમાવેશ થાય છે. પહેરી શકાય તેવી સિસ્ટમને કપડાની નીચે અથવા ઉપર પહેરવામાં આવે છે.

### હાર્ટ ફેઈલ્યોરના દર્દીને હાર્ટમેટ II કઇ રીતે મદદ કરી શકે?

હાર્ટમેટ ||I એવી રીતે ડિઝાઈન કરવામાં આવેલ છે જેથી સમગ્ર શરીરમાં લોહીનો પ્રવાહ જાળવી રાખે છે. તેનાથી દર્દી વધારે સરળતાથી શ્વાસ લઇ શકે છે અને ઓછો થાક લાગે છે. LVAD લગાવતા પહેલા દર્દીના અંગોને જે લોહીનો પૂરવઠો મળતો હતો તેના કરતા હવે વધુ પૂરવઠો મળશે અને તેનાથી અંગોની કામગીરીમાં સુધારો થશે. LVAD લગાવ્યા પછી દર્દી સામાન્ય રીતે વધારે ઉર્જા અનુભવે છે અને સામાન્ય પ્રવૃત્તિ સરળતાથી કરી શકે છે જે તે આ ઉપકરણ વગર અગાઉ કરી શકતો ન હતો.

### હાર્ટમેટ Iની મદદથી દર્દી કેટલો સક્રિય રહી શકે?

આ ઉપકરણ લગાવતા પહેલા દર્દીઓ હાર્ટ ફેઈલ્યોરના ગંભીર તબક્કામાં હોય છે તેથી તેમની ક્ષમતા ઘણી ઘટી ગઈ હોય છે અને બહુ મર્યાદિત પ્રવૃત્તિ કરી શકતા હોય છે. હાર્ટમેટ II લગાવ્યા પછી મોટા -ભાગના દર્દીઓ તેમની મનપસંદ દૈનિક પ્રવૃત્તિઓ ફરીથી કરી શકે છે.

તેમાં પ્રાથમિક મર્યાદા માત્ર પાણીમાં ઉતરવાને લગતી હોય છે. મોટા -ભાગના દર્દીઓ તેમના કામ પર પરત જઇ શકે છે અને પોતાના શોખ પૂરા કરી શકે છે જે તેઓ ઘણા વર્ષોથી કરી શક્યા હોતા નથી.

### એડવાન્સ્ડ હાર્ટ ફેઈલ્યોરના દર્દીઓ માટે હાર્ટમેટ II સારવારનો સારો વિકલ્પ છે?

હા. હાર્ટમેટા ને એડવાન્સ્ડ હાર્ટ ફેઈલ્યોરના કિસ્સામાં સ્ટાન્ડર્ડ સારવાર ગણવામાં આવે છે. અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે LVAD દ્વારા -સારવાર કરવામાં આવેલા એડવાન્સ્ડ હાર્ટ ફેઈલ્યોરના દર્દીઓ વધારે લાંબુ જીવી શકે છે અને માત્ર દવાની થેરેપી પર આધારિત દર્દીઓની સરખામણીમાં તેમના જીવનની ગુણવત્તા ઘણી સારી હોય છે. એક અંદાજ પ્રમાણે યુએસમાં આશરે 50,000 થી 1,00000 એડવાન્સ્ડ હાર્ટ ફેઈલ્યોરના દર્દીઓ છે જેમને LVADથી ફાયદો થઇ શકે છે.

### તેની બેટરી કેટલો સમય ચાલે છે?

LVAD માટે વપરાતી નવી પેઢીની બેટરી 14 કલાક સુધી ચાલે છે ત્યાર બાદ તેને રિચાર્જ કરવાની જરૂર પડે છે. એવી ચાર બેટરી Kit માં આપવામાં આવે છે.

### હાર્ટમેટાI કોણ મેળવી શકે?

એડવાન્સ્ડ હાર્ટ ફેઈલ્યોરનો ભોગ બનેલા દર્દીઓ અને જેમની પાસે તબીબી થેરેપીની તમામ મર્યાદા ખતમ થઇ ગઇ હોય તેઓ હાર્ટમેટ II વાપરી શકે છે. આ ઉપકરણ દર્દીના હૃદયને આરામ કરવાની તક આપે છે અને પમ્પિંગનું કામ પોતાના હાથમાં લઇ લે છે તેથી એવું જોવા મળ્યું છે કે LVAD દર્દીના નબળા હૃદયને પોતાની કેટલીક કામગીરી ફરી મેળવવાની તક આપે છે. પોતે LVAD થેરેપી માટે યોગ્ય ઉમેદવાર છે કે નહીં તે જાણવા માટે દર્દીઓએ પોતાના ડોકટરની સલાહ લેવી જોઇએ.

### હાર્ટમેટા બેસાડ્યું હોય તેવી વ્યક્તિના ધબકારા હોય છે?

હાર્ટમેટા બેસાડ્યુ હોય તેવા દર્દીના ધબકારા સામાન્ય રીતે ઘટી જાય છે. તેનું કારણ એ છે કે હાર્ટમેટ II હૃદયના ધબકારા સાથે લોહીને સતત હૃદયમાંથી શરીરના ભાગો સુધી પહોંચાડે છે. LVAD હૃદયને કેટલી સહાય કરે છે તેના પર દર્દીના ધબકારાની શક્તિનો આધાર રહેશે.

### LVAD કેટલા મોટા હોય છે?

LVAD વિવિધ કદમાં આવે છે, પરંતુ હાર્ટમેટ II – એફડીએ દ્વારા મંજૂર કરાયેલા તમામ LVADમાં સૌથી નાનું છે. તે લગભગ 3 ઈંચની લંબાઈ ધરાવે છે અને આશરે 10 ઔંસ વજન ધરાવે છે.

### હું LVAD ક્યાંથી મેળવી શકું?

વિશ્વભરમાં 200થી વધારે કેન્દ્રો પર હાર્ટમેટ II ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે. હવે CIMS હોસ્પિટલ ઇમ્પ્લાન્ટેશન માટે પ્રમાણિત છે.

**ડૉ ધીરેન શાહ, ડૉ મિલન ચગ અને ડૉ નિરેન ભાવસારને આ પ્રોસિજર માટે માન્યતા તથા સર્ટિફિકેટ મળેલ છે.**

Marengo CIMS Hospital

**ONE HEART**
ONE LIFE
ONE DESTINATION
CARDIAC SCIENCE
MARENGO CIMS HOSPITAL

JCI (USA)
ACC American College of Cardiology

**નવીનતા અને ક્લિનિકલ શ્રેષ્ઠતા માટે સતત પ્રયત્નશીલ.**

## ગુજરાતની નંબર 1

- રોબોટિક બાયપાસ સર્જરી
- રોબોટિક સ્તન કેન્સરની સર્જરી
- સૌથી વધુ ડીપ બ્રેઈન સ્ટીમ્યુલેશન સર્જરી (DBS)
- ખાનગી હોસ્પિટલમાં પ્રથમ વિશિષ્ટ ટ્રાન્સપ્લાન્ટ યુનિટ
- રેનલ ડિનરવેશન થેરાપી (RDN - હાયપરટેન્શન માટેની થેરાપી)
- સફળ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ યુનિટ
- Newsweek દ્વારા એનાયત વિશ્વની શ્રેષ્ઠ હોસ્પિટલ
- થેલેસેમિયા માટે પેડિયાટ્રિક બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ યુનિટ
- દ્વિપક્ષીય લંગ ટ્રાન્સપ્લાન્ટ
- TAVR/TAVI (સર્જરી વિના વાલ્વ રિપ્લેસમેન્ટ / રિપેર)

- એશિયાનું પ્રથમ બ્લડલેસ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- સૌપ્રથમ એશિયા પેસિફિકમાં કેન્સર રેડિયેશન ટ્રીટમેન્ટ માટે અધતન (Elekta Versa HD) ટેકનોલોજી
- પશ્ચિમ ભારતમાં પ્રથમ ટ્રોમા ની સારવાર માટેનાં ATLS અને BLS પ્રોટોકોલ આધારિત વિશિષ્ટ ટ્રોમા સેન્ટર



## 53 હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ

**દ્વારા જીવન અને આશાઓને પુનઃસ્થાપિત કરી છે.**


**ખુશ દર્દીઓ** | **ખુશ પરિવારો**

**જરૂરતમંદ લોકોને મૈરિંગો એશિયા ફાઉન્ડેશન હાર્ટ ટ્રાન્સપ્લાન્ટમાં મદદરૂપ થશે.**

## HIGHEST NUMBER IN GUJARAT

# 51th | TAVI

Transcatheter Aortic Valve Implantation



Balloon Expandable Valve



Self Expanding Supra-Annular Valve

A procedure to replace the diseased valve without surgery

**Pioneer in Gujarat to start TAVI program - Since 2015**

**10 years of TAVI experience**

**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola, Ahmedabad - 380060

JCI (USA)

1800 309 9999

**Our Network Hospitals:** Ahmedabad | Bhuj | Jodhpur | Faridabad | Gurugram

Marengo CIMS Hospital

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં
# કેશલેસ સેવાઓ
## હવે ઉપલબ્ધ



JOINT COMMISSION INTERNATIONAL QUALITY APPROVAL

**જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત**

**અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ
- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)
- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થકેર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોક્સ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીકલેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફ્વે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ
- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફ્કો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્શ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)
- એરફોર્સ સ્ટેશન - વડસર*
- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- **સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (GSFC)
- **ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)**
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી - ગાંધીનગર (IIT-GN)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- **ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)**
- **ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)**
- ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (IRCTC)
- **ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)**
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- **ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે,)**
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- રાજકોટ નાગરિક સહકારી બેંક (RNSB)*
- **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)**
- **વેસ્ટર્ન રેલ્વે**

*** ટાઈ-અપ્સ મુજબ રિમ્બર્સમેન્ટ સુવિધા**

India's **New Destination** For Transplants ▪ Heart ▪ Liver ▪ Kidney ▪ Lung ▪ Paediatric BMT

Marengo CIMS Hospital

# મૈરિંગો સિમ્સ મલ્ટિ-સ્પેશ્યાલીટી નિષ્ણાત ડૉક્ટર દ્વારા ઓપીડી (ગુજરાત)

## સુરત (સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ, પીપલોદ)

**(દર મહિનાના પહેલા શનિવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ ધવલ નાયક**
- લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન - **ડૉ વિકાસ પટેલ**
- કિડની ટ્રાન્સપ્લાન્ટ - **ડૉ મયુર પાટિલ**

**સમય : સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## રાજકોટ (શ્રી ગિરીરાજ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા શનિવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ નિકુંજ વ્યાસ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**(દર મહિનાના ત્રીજા બુધવારે)**

- લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન - **ડૉ વિકાસ પટેલ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## રાજકોટ (ગોકુલ હોસ્પિટલ)

**(દર મહિનાના પહેલા બુધવારે)**

- ઓર્થોપેડિક સર્જન - **ડૉ મોહનિસ ગઢવી**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**(દર મહિનાના ત્રીજા બુધવારે)**

- ફૂટ એન્ડ એન્કલ સર્જન - **ડૉ પાર્થ પારેખ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## ભાવનગર (બીમ્સ હોસ્પિટલ)

**(દર મહિનાના ત્રીજા શુક્રવારે)**

- કાર્ડિયોથોરાસીક વાસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન - **ડૉ કિશોર ગુપ્તા**
- લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન - **ડૉ વિકાસ પટેલ**
- ફેફસાના રોગોના નિષ્ણાંત - **ડૉ મિનેશ પટેલ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## ગાંધીનગર (ગોયન્કા હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા મંગળવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. તુષાર શાહ**

**સમય : સવારે 10:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી**

## કલોલ (શ્રદ્ધા હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા મંગળવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. તુષાર શાહ**

**સમય : બપોરે 1:00 થી 3:00 વાગ્યા સુધી**

## સુરેન્દ્રનગર (દર મહિનાના પહેલા રવિવારે)

- ન્યૂરો અને સ્પાઈન સર્જન - **ડૉ. યશોધર.સી. શાહ**

**વિશાલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ - લીંબડી**

**સમય : બપોરે 12:00 થી 1:00 વાગ્યા સુધી**

**મહર્ષિ હોસ્પિટલ - સુરેન્દ્રનગર**

**સમય : બપોરે 1:30 થી 2:30 વાગ્યા સુધી**

**સીયુ શાહ મેડીકલ કોલેજ - સુરેન્દ્રનગર**

**સમય : બપોરે 3:00 થી 4:00 વાગ્યા સુધી**

**સી જે હોસ્પિટલ - સુરેન્દ્રનગર**

**સમય : બપોરે 4:00 થી 5:00 વાગ્યા સુધી**

## ભૂજ (કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ)

- પેટના રોગોના નિષ્ણાંત - **ડૉ. નિલેશ ટોકે (દર ગુરુવારે)**
- ડાયાબિટીસ અને મેદસ્વિતાના નિષ્ણાંત - **ડૉ રિકિન શાહ (પહેલા અને ત્રીજા ગુરુવારે)**
- હિમેટો ઓન્કોલોજીસ્ટ અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ ફિઝીશીયન - **ડૉ કૌમિલ પટેલ (બીજા અને ચોથા ગુરુવારે)**
- કેન્સરના નિષ્ણાંત (રેડિયેશન ઓન્કોલોજીસ્ટ) - **ડૉ. મલ્હાર પટેલ, ડૉ. મૌલિક ભેંસદડિયા (બીજા અને ચોથા ગુરુવારે)**
- ફેફસાના રોગોના નિષ્ણાંત - **ડૉ અમિત પટેલ (બીજા શનિવારે)**
- એચપીબી સર્જરી અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન - **ડૉ વિકાસ પટેલ (ત્રીજા શનિવારે)**
- કિડની ટ્રાન્સપ્લાન્ટ અને મૂત્રમાર્ગના નિષ્ણાંત - **ડૉ. મયુર પાટિલ (ત્રીજા શનિવારે)**
- મગજના રોગોના નિષ્ણાંત - **ડૉ. કેવલ ચાંગડિયા (ચોથા બુધવારે)**
- કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસીક સર્જન - **ડૉ અમિત ચંદન (ચોથા શનિવારે)**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## બાવળા (શિવમ હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા બુધવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. કવચ પટેલ**

**સમય : સવારે 11:00 થી બપોરે 12:30 વાગ્યા સુધી**

## ધોળકા (શારદા હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા અને ચોથા બુધવારે)**

- મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત - **ડૉ. કવચ પટેલ**

**સમય : બપોરે 1:00 થી 3:00 વાગ્યા સુધી**

**ઓપીડી વિશે વધુ જાણકારી અને અપોઈન્ટમેન્ટ માટે**

**82380 95712**

Marengo CIMS Hospital

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2022-2024 issued by SSP Ahmedabad valid upto 31st December, 2024
Licence to Post Without Prepayment No. PMG/NG/090/2022-2024 valid upto 31st December, 2024

**If Undelivered Please Return to :**
Marengo CIMS Hospital, Nr. Shukan Mall,
Off Science City Road, Sola, Ahmedabad-380060.
Call : 1800 309 9999

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૪૮૦૫ ૨૮૨૩




*તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ, ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.*